For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

**કેન્દ્ર સરકારની ‘અમૃત ભારત સ્ટેશન યોજના’ હેઠળ સુરતની આસપાસનાં સ્ટેશનોનો વિકાસ પૂરજોશમાં**

# સાયણથી સચિન 15 મિનિટમાં

**મેટ્રો** અને સિટી બસ લિંકથી સુરત મેઈન સ્ટેશનનું ભારણ ઘટશે

**સુરત,** ઉધના, સચિન, ભેસ્તાન, ઉત્રાણ, સાયણ અને ગોથાણ વચ્ચે સિમલેસ નેટવર્ક, માત્ર 10થી 15 મિનિટમાં મુસાફરી પૂરી થશે

**પાંચેય** સેટેલાઇટ સ્ટેશનો સુરતના ભવ્ય મલ્ટિમોડલ ટ્રાન્સપોર્ટ હબ સાથે સીધા જોડાશે

સુરતઃ દિનપ્રતિદિન વધતા જતા મુસાફરોની સંખ્યા અને મુખ્ય સુરત રેલવે સ્ટેશન પરનો બોજ હળવો કરવા માટે ભારતીય રેલવે દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે એક ભવ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર કાયાકલ્પ શરૂ કરવામાં આવ્યો છે.

કેન્દ્ર સરકારની ‘અમૃત ભારત સ્ટેશન યોજના’ હેઠળ સુરતની આસપાસનાં પાંચ સેટેલાઈટ સ્ટેશનો ઉધના જંક્શન, ઉત્રાણ, સાયણ, ગોથાણ, સચિન અને ભેસ્તાનને વિશ્વ કક્ષાની સુવિધાઓ ધરાવતા સેકન્ડરી ટર્મિનલ હબમાં રૂપાંતરિત કરવામાં આવી રહ્યા છે. આ મેગા પ્લાનનો મુખ્ય ઉદ્દેશ સુરત સ્ટેશનનું ભારણ ઘટાડીને મુસાફરોને તેમના ઘરની નજીકથી જ ટ્રેન કનેક્ટિવિટી

...અનુસંધાન પાના 5 પર

**ઉત્રાણ સ્ટેશન**




## એરપોર્ટ જેવું આલીશાન બનશે મુખ્ય સુરત રેલવે સ્ટેશન

સુરત રેલવે સ્ટેશનનું રિડેવલપમેન્ટ ખૂબ જ મોટા પાયે ચાલી રહ્યું છે અને તેને ભારતનું એક અત્યાધુનિક મલ્ટિમોડલ ટ્રાન્સપોર્ટ હબ બનાવવામાં આવી રહ્યું છે. આ પ્રોજેક્ટ ડિસેમ્બર-2027 સુધીમાં સંપૂર્ણ રીતે તૈયાર થવાની આશા છે.

**વિશાળ એર કોનકોર્સ :** રેલવે ટ્રેકની ઉપર 145 મીટર લાંબો અને 85 મીટર પહોળો કોનકોર્સ ફ્લોર બનશે, જ્યાં વેઇટિંગ લાઉન્જ, ફૂડ કોર્ટ અને શોપિંગ સ્ટોર્સ હશે. મુસાફરો ટ્રેન આવે ત્યારે જ નીચે પ્લેટફોર્મ પર જશે, જેથી પ્લેટફોર્મ પર ભીડ નહીં થાય.

**સિમલેસ કનેક્ટિવિટી :** રેલવે સ્ટેશન, એસ.ટી. બસ ટર્મિનલ અને સુરત મેટ્રો ત્રણેયને સ્કાયવોક અને એસ્કેલેટર્સ દ્વારા અંદરથી જ કનેક્ટ કરાશે.

**એલિવેટેડ રિંગ રોડ :** સ્ટેશનની આસપાસ ટ્રાફિક જામ રોકવા માટે એરપોર્ટની જેમ જ 5 કિલોમીટર લાંબો એલિવેટેડ રોડ બનાવવામાં આવી રહ્યો છે.

**ક્ષમતામાં વધારો :** ભવિષ્યની જરૂરિયાતો માટે પ્લેટફોર્મની સંખ્યા 4થી વધારીને 6 કરવામાં આવી

...અનુસંધાન પાના 5 પર

## ઉધના જંક્શને 224 કરોડના ખર્ચે મેગા ટર્મિનસ બનશે

સુરત સ્ટેશનના જોડિયા સ્ટેશન ગણાતા ઉધના રેલવે સ્ટેશનનો આશરે 224 કરોડના ખર્ચે ભવ્ય વિકાસ કરાયો છે. જેનાં મોટા ભાગનાં કામો આખરી તબક્કામાં છે.

» **સ્માર્ટ બિલ્ડિંગ અને ક્લોક ટાવર :** પૂર્વ દિશાના મુખ્ય બિલ્ડિંગની બહાર આકર્ષક ક્લોક ટાવર બનશે, જ્યારે પશ્ચિમ બાજુનું બિલ્ડિંગ ઉધના શહેરની આધુનિક થિમ પર આલીશાન લૂક ધરાવશે.

» **એર કોનકોર્સ :** ટ્રેકની ઉપર 2440 ચોરસ મીટરનો વેટિંગ પ્લાઝા બનાવાયો છે. આ નવું ટર્મિનલ બન્યા પછી ઉધના સ્ટેશનની ક્ષમતા રોજની 37,000થી વધીને 75,000થી વધુ મુસાફરોને હેન્ડલ કરવાની થશે.

» **આધુનિક સિગ્નલિંગ સિસ્ટમ :** ટ્રેનોના સુરક્ષિત

...અનુસંધાન પાના 5 પર



**રેલવેનો ભવિષ્યનો માસ્ટર પ્લાન અને મુસાફરોને થનારા ફાયદા**

**1 ટ્રેન કોડ બદલાશે :** સુરત રેલ ટ્રાફિકનું વિકેન્દ્રીકરણ થવાના કારણે કેટલીક ટ્રેનો માટેનો પરંપરાગત કોડ ST (સુરત) બદલીને ધીમે-ધીમે UDN (ઉધના) કે અન્ય સેટેલાઇટ સ્ટેશનોનો કરવામાં આવી રહ્યો હોવાથી મુસાફરોએ ટિકિટ બુકિંગ વખતે વિગતો કાળજીપૂર્વક તપાસવી.

**2 હાઇ-સ્પીડ કનેક્ટિવિટી (ત્રીજી અને ચોથી રેલવે લાઇન) :** સુરત-ઉધના અને સાયણ-ગોથાણ-ઉત્રાણ સેક્શન વચ્ચે ત્રીજી અને ચોથી રેલવે લાઇનનું કામ પૂર્ણતાના આરે છે. માલગાડીઓ અને સુપરફાસ્ટ ટ્રેનો અલગ ટ્રેક પર દોડશે, જેથી લોકલ ટ્રેનો માટે સ્પેશિયલ ટ્રેક ઉપલબ્ધ થશે.

**3 ‘નમો ભારત રેપિડ રેલ’ અને સબર્બન નેટવર્ક :** સુરતને કેન્દ્રમાં રાખીને આ તમામ સેટેલાઇટ સ્ટેશનો વચ્ચે દર 10થી 15 મિનિટે ‘નમો ભારત રેપિડ રેલ’ અથવા ફ્રીક્વન્ટ મેમુ ટ્રેનો શરૂ કરાશે. મુસાફરો માત્ર થોડી જ મિનિટ્સમાં એક સ્ટેશનથી બીજે પહોંચી શકશે, જે મુંબઈ લોકલ જેવું આધુનિક નેટવર્ક બનશે.

**સાપુતારમાં સહેલાણીઓની ભારે ભીડ**



■ સાપુતારામાં વરસાદ બાદ પહેલા રવિવારે સહેલાણીઓનો સાગર ઘૂઘવ્યો હોય તેમ પ્રત્યેક સ્થળે ભારે ભીડ જોવા મળી હતી.

# 24 કલાકમાં જ ઉકાઈ ડેમની જળ સપાટી અડધો ફૂટ વધી

**હથનુરમાંથી** 12 હજાર અને પ્રકાશામાંથી 38 હજાર ક્યુસેક પાણી છોડાયું

**ઉકાઈમાં** 17 હજાર ક્યુસેક આવક, સપાટી 309.03 ફૂટે પહોંચી

સુરતઃ ઉકાઈ ડેમના ઉપરવાસમાં સતત વરસી રહેલા વરસાદના કારણે ડેમમાં પાણીની આવક શરૂ થઈ છે. મહારાષ્ટ્ર અને ગુજરાતના ઉપરવાસના વિવિધ વિસ્તારોમાં છેલ્લા 24 કલાક દરમિયાન સારો વરસાદ નોંધાતા હથનુર અને પ્રકાશા બેરેજમાંથી પાણી છોડવામાં આવી રહ્યું છે. તેના પરિણામે ઉકાઈ ડેમમાં પાણીની આવક શરૂ થતાં જળસ્તરમાં વધારો નોંધાયો છે.

ઉપરવાસમાં વ્યાપક વરસાદને કારણે નદીઓ અને જળાશયોમાં પાણીની આવકમાં વધારો થયો છે. ઉપરવાસમાં આવેલા હથનુર ડેમમાંથી હાલમાં 12 હજાર ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે, જ્યારે પ્રકાશા બેરેજમાંથી 38 હજાર ક્યુસેક પાણી તાપી નદીમાં છોડવામાં આવી રહ્યું છે. આ પાણી ધીમે ધીમે

...અનુસંધાન પાના 5 પર

**ઉપરવાસમાં પડેલો વરસાદ**

| | |
|---|---|
| લખપુરી | 35મીમી |
| અકોલા | 18મીમી |
| નવાથા | 54મીમી, |
| તલસવાડ | 18મીમી |
| દહીગાવ | 25મીમી |
| સાયગાવ | 42મીમી |
| ચાંદપુર | 34મીમી |
| દુસખેડા | 39મીમી |
| બમ્બરૂલ | 35મીમી |
| અક્કલકુવા | 17મીમી |
| ડેમ વિસ્તાર | 32મીમી |

## સુરતમાં ઓરેન્જ એલર્ટની આગાહી વચ્ચે વરસાદનો વિરામ, પાંચ દિવસ બાદ તડકો પડ્યો

સુરતઃ સુરત સહિત સમગ્ર જિલ્લામાં રવિવારે હવામાન વિભાગ દ્વારા ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું હોવા છતાં દિવસ દરમિયાન વરસાદનું જોર જોવા મળ્યું નહોતું. સવારથી બપોર સુધી આકાશમાં ઘેરા વાદળો અને વરસાદી માહોલ છવાયેલો રહ્યો હતો, પરંતુ બપોર બાદ વાતાવરણમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો હતો. વાદળો હટી જતાં સૂર્યનારાયણના દર્શન થયા હતા. જિલ્લાના વિવિધ તાલુકાઓમાં માત્ર છૂટાછવાયા ઝાપટાં નોંધાયા હતા. સત્તાવાર આંકડા મુજબ ઓલપાડ તાલુકામાં ૩ મીમી, માંડવી તાલુકામાં ૩ મીમી, સુરત શહેરમાં ૧ મીમી અને ચોર્યાસી તાલુકામાં ૭ મીમી વરસાદ નોંધાયો હતો. જિલ્લાના અન્ય વિસ્તારોમાં વરસાદનું પ્રમાણ નહીવત્ રહ્યું હતું. વરસાદના વિરામની સીધી અસર તાપમાન પર પણ જોવા મળી હતી. દિવસનું મહત્તમ તાપમાન અડધો ડિગ્રી વધીને ૩૧ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન થોડું ઘટીને ૨૩.૮ ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું. જોકે વરસાદી માહોલને કારણે હવામાં ભેજનું પ્રમાણ હજુ પણ ઊંચું રહેતાં ઉકળાટનો અનુભવ થયો હતો. હવામાન વિભાગના આંકડા મુજબ હવામાં ભેજનું પ્રમાણ ૮૦ ટકા નોંધાયું હતું અને દક્ષિણ-પશ્ચિમ દિશામાંથી પ્રતિ કલાક ૬ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાયો હતો. હળવા પવન અને વાદળછાયા વાતાવરણ વચ્ચે બપોર બાદ નીકળેલા તડકાના કારણે શહેર તેમજ જિલ્લાના અનેક વિસ્તારોમાં જનજીવન સામાન્ય બન્યું હતું. હવામાન નિષ્ણાતોના જણાવ્યા મુજબ આગામી ૭ જુલાઈ સુધી જિલ્લામાં છુટાછવાયા વિસ્તારમાં વરસાદની આગાહી છે. જોકે વરસાદનું પ્રમાણ સ્થળ અને સમય અનુસાર બદલાઈ શકે છે. તેથી નાગરિકોને હવામાન વિભાગની આગાહીને ધ્યાનમાં રાખીને જરૂરી સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે.

## દ.ગુજરાતના દરિયાકાંઠે આગામી 12 કલાક ભારે પવન અને દરિયો તોફાની બનવાની આગાહી

સુરતઃ ભારત હવામાન વિભાગ (IMD) દ્વારા દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠા માટે આગામી 12 કલાક દરમિયાન પ્રતિકૂળ હવામાનની આગાહી કરવામાં આવી છે. આગાહી મુજબ 20થી 25 નોટની ઝડપે પવન ફૂંકાવાની અને તેના ઝોકા 30 નોટ સુધી પહોંચવાની શક્યતા છે. ઉપરાંત વ્યાપક વરસાદ, ગાજવીજ અને દરિયામાં વેરી રફ ટુ હાઈ સી કન્ડિશન રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ગુજરાતના તમામ બંદરો પર લોકલ કોશનરી સિગ્નલ નં. 3 (LC-III) યથાવત રાખવામાં આવ્યું છે. તંત્ર દ્વારા દરિયાકાંઠાના વિસ્તારોમાં સતત મોનિટરિંગ રાખવા તેમજ તમામ સંબંધિત વિભાગોને સતર્ક રહેવા સૂચના આપવામાં આવી છે. દરિયામાં માછીમારો ન જાય તેની ખાસ તકેદારી રાખવા તેમજ હાલમાં દરિયામાં રહેલા માછીમારોને તાત્કાલિક સલામત સ્થળે પરત લાવવા માટે જરૂરી કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી છે. સાથે જ દરિયાકાંઠે ફરવા આવતા પ્રવાસીઓ અને સ્થાનિક નાગરિકોને જોખમી વિસ્તારોમાં ન જવા અનુરોધ કરવામાં આવ્યો છે. ભારે પવનને કારણે હોર્ડિંગ્સ, હવામાં લટકતી વસ્તુઓ, નબળાં વૃક્ષો અને વીજ પોલ ધરાશાયી થવાની શક્યતા હોવાથી સંબંધિત અધિકારીઓને જરૂરી સાવચેતી રાખવા અને અકસ્માતો ટાળવા પૂર્વ તૈયારી રાખવા સૂચના આપવામાં આવી છે.

# ભાડુઆતને રૂમમાં લોક કરીને મકાન માલિક ચાલ્યો ગયો

**પરવટ** ગામમાં ફાયર બ્રિગેડે તાળું તોડીને બહાર કાઢવો પડ્યો



સુરતઃ શહેરના પરવટ ગામ વિસ્તારમાં આવેલી હરેકૃષ્ણા નગર સોસાયટીમાં ભાડું વસૂલવા મુદ્દે સર્જાયેલી એક ઘટનામાં ભાડુઆત રૂમમાં જ બંધ થઈ ગયો હતો. અંતે ફાયર બ્રિગેડની મદદથી લોક તોડી તેને સલામત બહાર કાઢવામાં આવ્યો હતો. ઘટનાને પગલે વિસ્તારમાં થોડા સમય માટે કુતૂહલનો માહોલ સર્જાયો હતો.

મળતી માહિતી મુજબ, પુણાગામ વિસ્તારની હરેકૃષ્ણા નગર સોસાયટીમાં તાજ હસન નામનો યુવક ભાડુઆત તરીકે રહે છે. બુધવારે બપોરના સમયે મકાન માલિક ભાડું વસૂલવા માટે તેના રૂમ પર પહોંચ્યા હતા. જોકે, કોઈ કારણસર દરવાજો ન ખુલતા મકાન માલિકે બહારના દરવાજા પર તાળું મારી દીધું અને ત્યાંથી ચાલ્યા ગયા હતા. આ દરમિયાન તાજ હસન રૂમની અંદર જ હતો અને બહાર નીકળી શકતો ન હતો. પોતે રૂમમાં ફસાઈ ગયો હોવાની જાણ થતાં તેણે ફાયર કંટ્રોલ રૂમનો સંપર્ક કરી મદદ માગી હતી. જાણ થતાં જ પુણા ફાયર સ્ટેશનની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયર ઓફિસર પ્રવિણ ટંડેલના જણાવ્યા અનુસાર, ફાયર બ્રિગેડના જવાનોએ પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યા બાદ બહારથી મારવામાં આવેલું લોક તોડી નાખ્યું હતું. ત્યારબાદ અંદર ફસાયેલા યુવકને સલામત રીતે બહાર કાઢવામાં આવ્યો હતો.

# મોરાભાગળની હોસ્પિટલમાંથી દર્દીએ મોતની છલાંગ લગાવી

**નશો** કરવાનું નહીં મળતા તે ધમપછાડા પણ કરતો હતો

સુરતઃ રાંદેરમાં પેટની બીમારી સાથે દાખલ દર્દી હોસ્પિટલની અગાસી પરથી કૂદી આપઘાત કરી લીધો હતો. મૃતક યુવકને નશો કરવાની કુટેવ હતી, નશો નહીં મળતા તે ધમપછાડા પણ કરતો હોવાનું જાણવા મળ્યું હતું.

નવી સિવિલ હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ, મૂળ રાજસ્થાનના અરમાનગઢના વતની મહેન્દ્રસિંહ બિજારનીયાનો એકનો એક 28 વર્ષીય પુત્ર સુમિત પણ કાપડ માર્કેટમાં નોકરી કરતો હતો. શુક્રવારે બપોરે સુમિતને પેટની બીમારી સાથે મોરા ભાગળ સર્કલ પાસે આવેલ પહલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. દરમિયાન હોસ્પિટલમાં દાખલ સુમિતે કાલે સાંજે હોસ્પિટલના ચોથા માળેની અગાસી પરથી નીચે પડતું મૂકીને આપઘાત કરી લીધો હતો. મૃતક સુમિતના સંબંધીએ જણાવ્યું હતું કે, સુમિતને નશો કરવાની કુટેવ હતી. જેથી નશા મુક્તિ માટે તેની દવા પણ ચાલતી હતી. લિવરમાં સોજો હોવાથી તેને આ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં ડોક્ટરે તેના માતાપિતાને કહ્યું કે, તમે અન્ય રૂમમાં બેસો આ તમને જોઈને વધારે ધમપછાડા કરે છે. જેથી તેના માતાપિતા અન્ય રૂમમાં હતા અને સુમિતે આ પગલું ભરી લીધું હતું. જેમાં હોસ્પિટલની બેદરકારી છે.

# પ્રયાગરાજનો કમ્પાઉન્ડર સુરતમાં ડોક્ટર બની ગયો

**છાપરાભાઠા** તાડવાડીમાંથી નકલી ડોક્ટર ઝડપાયો

સુરતઃ અમરોલી પોલીસે છાપરાભાઠા તાડવાડી વિસ્તારમાં કોઈ પણ માન્ય ડિગ્રી કે રજિસ્ટ્રેશન વગર ગેરકાયદેસર રીતે એલોપેથિક પ્રેક્ટિસ કરતા એક નકલી તબીબને રંગેહાથ ઝડપી પાડ્યો છે. પોલીસે ક્લિનિકમાંથી ગર્ભપાતની કીટ (MTP Kit) સહિત મોટી માત્રામાં એલોપેથિક દવાઓ અને સાધનો મળી કુલ રૂ. ૩૦,૭૩૩/- નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

અમરોલી પોલીસે છાપરાભાઠા છન્નુ કોલોનીમાં આરોગ્ય વિભાગ અને ફાર્માસિસ્ટની ટીમને સાથે રાખીને રેડ કરી ત્યારે ક્લિનિક પર દરોડો પાડ્યો હતો. અહીં ડૉ. ડી.કે. સિંઘ B.A.M.S. લખેલું બોર્ડ મારેલું હતું. જોકે, તપાસ કરતા ક્લિનિક ચલાવનાર શખ્સ ધર્મેન્દ્રકુમાર રાકેશપ્રતાપસિંઘ (ઉ.વ ૪૯ રહે, નીચલી કોલોની, છાપરાભાઠા

...અનુસંધાન પાના 5 પર

**ગર્ભપાતની કીટ અને દવાઓ જપ્ત**

પોલીસ અને આરોગ્ય વિભાગની ટીમે ક્લિનિકમાંથી એન્ટીબાયોટીક ટેબ્લેટ્સ, ઇન્જેક્શન્સ, ગ્લુકોઝના બાટલા, બ્લડ પ્રેશર માપવાનું મશીન તેમજ પ્રતિબંધિત ગણાતી ગર્ભપાત માટેની AB2 કીટ (MTP Kit) સહિતનો જથ્થો કબ્જે કર્યો છે.

# હાલમાં રિપેર થયેલા જહાંગીરપુરા બ્રિજના સરફેસ પર તિરાડો

**સુરતીઓના** ટેક્સના કરોડો રૂપિયા ખર્ચવામાં આવ્યા હતા



સુરતઃ સુરત મહાનગરપાલિકાના વહીવટી તંત્રની નબળી કામગીરીનો વધુ એક જીવતો જાગતો પુરાવો જહાંગીરપુરા બ્રિજ પર જોવા મળી રહ્યો છે. ચોમાસાની શરૂઆત પહેલાં જ કરોડો રૂપિયાના લોકમેળાવડા અને વાહવાહી વચ્ચે આ બ્રિજનું સરફેસ રિપેરિંગ કામ પૂર્ણ કરવામાં આવ્યું હતું. જોકે, હજી તો માંડ થોડો સમય થયો છે ત્યાં જ બ્રિજના ઉપરના રોડ સરફેસ પર મસમોટી તિરાડો દેખાવા લાગી છે. વરસાદી પાણી આ તિરાડોમાં ઉતરવાથી બ્રિજના આંતરિક માળખાને મોટું નુકસાન થઈ શકે છે. લાખો નાગરિકોની રોજેરોજની અવરજવર ધરાવતા આ મહત્વના બ્રિજ પર તંત્રએ માત્ર ‘થીગડાં’ મારવાનું જ કામ કર્યું હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. પ્રજાના ટેક્સના પૈસાનો આવો દુર્વ્યય કરનારા બેજવાબદાર અધિકારીઓ અને ભ્રષ્ટ કોન્ટ્રાક્ટરો સામે કમિશનર કડક શિક્ષાત્મક પગલાં ભરી તાત્કાલિક બ્રિજનું યોગ્ય રિપેરિંગ કરાવે તેવી લોક માંગ ઉઠી છે.

# ક્લબ ડાન્સરની હત્યાનો આરોપી 7 મહિના બાદ સુરતમાંથી ઝડપાયો

**હરિયાણાના** પંચકુલામાં સ્મશાનગૃહમાંથી હાડપિંજર મળી આવ્યું હતું

**આરોપી** પાંડેસરા ગણેશનગરમાં મિકેનિક તરીકે કામ કરતો હતો

સુરત : પંચકુલા પોલીસે ડિસેમ્બર 2025માં સેક્ટર-20 સ્મશાનગૃહ પાછળથી મળી આવેલા એક મહિલાના હાડપિંજરના સાત મહિના જૂના રહસ્યનો ભેદ ઉકેલી લીધો છે. આ હત્યા કેસમાં આરોપીની ગુજરાતના સુરતમાંથી ધરપકડ કરવામાં આવી છે.

પ્રાથમિક તપાસ દરમિયાન પોલીસે જાણ્યું હતું કે આરોપીએ ક્લબ ડાન્સર મહિલાની હત્યા કરીને તેની ઓળખ છુપાવવા અને પુરાવા નષ્ટ કરવા માટે મૃતદેહને સ્મશાનગૃહ પાછળની ઝાડીઓમાં ફેંકી દીધો હતો.

તપાસ દરમિયાન મૃતકના કપડાંમાંથી એક સ્લિપ મળી આવી હતી, જ્યારે તેના હાથના કાંડા પર Inder I Love You લખેલું જોવા મળ્યું હતું. પોલીસે જણાવ્યું હતું કે મૃતકની ઓળખ સ્થાપિત કરવામાં આ બંને મહત્વપૂર્ણ કડીઓ સાબિત થઈ હતી.

તપાસ દરમિયાન સ્લિપ પર દર્શાવેલી વેબસાઇટના આધારે પોલીસે વિકી શર્મા સુધી પહોંચ મેળવી હતી. 30 ડિસેમ્બર, 2025ના રોજ વિકી શર્મા અને મૃતકના લિવ-ઈન પાર્ટનર ઈન્દર મોર્ચરી પહોંચ્યા હતા. તેમણે મૃતકના લાલ રંગના જેકેટ અને હાથ પર લખેલા શબ્દોના આધારે તેની ઓળખ માધુરી ઉર્ફે સિમરન ઉર્ફે ટિઢી તરીકે કરી હતી. ઓળખ થયા બાદ મૃતદેહ પરિવારને અંતિમ સંસ્કાર માટે સોંપવામાં આવ્યો હતો.

15 જાન્યુઆરી, 2026ના રોજ વિકી શર્માએ સેક્ટર-20 પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ઝિરકપુરમાં ડીજે તરીકે કામ કરતા શર્માએ જણાવ્યું હતું કે તેઓ મૃતક અને તેના લિવ-ઈન પાર્ટનર ઈન્દરને છેલ્લા કેટલાક મહિનાથી ઓળખતા હતા અને બંને ક્લબ પાર્ટીઓમાં કામ કરતા હતા.

ફરિયાદ મુજબ, 13 નવેમ્બર, 2025ની રાત્રે સિમરન ક્લબ પાર્ટીમાં ગઈ હતી, પરંતુ ત્યારબાદ પરત ફરી નહોતી. ઘણી શોધખોળ છતાં તેનો કોઈ પત્તો લાગ્યો નહોતો. બાદમાં પોલીસે હાડપિંજર મળ્યા પછી તેની ઓળખ સિમરન તરીકે થઈ હતી.

પંચકુલાના ડીસીપી સૃષ્ટિ ગુપ્તાએ જણાવ્યું હતું કે ફરિયાદના આધારે સેક્ટર-20 પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. સતત તપાસ બાદ પોલીસે 2 જુલાઈ, 2026ના રોજ મનોજ કુમાર પાલની ધરપકડ કરી હતી. ઉત્તર પ્રદેશના ગોંડા જિલ્લાના રહેવાસી પાલ સુરતના ગણેશ નગર વિસ્તારમાં મોટરસાઈકલ મિકેનિક તરીકે કામ કરતો હતો. તેની પાસેથી એક વિવો કંપનીનો મોબાઈલ ફોન પણ જપ્ત કરવામાં આવ્યો હતો. સુરતની અદાલતમાં રજૂ કર્યા બાદ ટ્રાન્ઝિટ રિમાન્ડ મેળવી તેને 3 જુલાઈની રાત્રે પંચકુલા લાવવામાં આવ્યો હતા.

**નાગરની નગરયાત્રા :** મુંબઈમાં તૈયાર કરાયેલા 12 લાખના રથમાં પ્રથમવાર બિરાજમાન થશે ભગવાન

# જગન્નાથ માટે આ વર્ષે હાઈડ્રોલિક રથ



**રથ** સ્થિતિ પ્રમાણે ઊંચો કે નીચો કરી શકાશે

સુરતઃ અષાઢી બીજના પાવન પર્વે સુરત શહેરમાં ભગવાન જગન્નાથજી હાઈટેક રથમાં સવાર થઈને ની 28મી રથયાત્રા પર નીકળશે. જહાંગીરપુરા સ્થિત ઈસ્કોન મંદિર દ્વારા મુંબઈમાં ખાસ તૈયાર કરાવવામાં આવેલો આ રથ પ્રથમ વખત ભગવાન જગન્નાથ, ભાઈ બલભદ્ર અને બહેન સુભદ્રાની નગરચર્યા માટે ઉપયોગમાં લેવામાં આવશે. આ રથમાં પાવર સ્ટીયરિંગ, પાવર વ્હીલ અને હાઈડ્રોલિક સિસ્ટમ જેવી અદ્યતન સુવિધાઓ આપવામાં આવી છે. ખાસ કરીને સુરત શહેરમાં ચાલી રહેલા મેટ્રો પ્રોજેક્ટને ધ્યાનમાં રાખીને રથને એવી રીતે ડિઝાઈન કરવામાં આવ્યો છે કે જરૂરિયાત મુજબ તેની ઊંચાઈ હાઈડ્રોલિક સિસ્ટમથી ઓછી કે વધુ કરી શકાય. જેના કારણે માર્ગમાં આવતા નીચા વાયરો, બેરિકેડ્સ અથવા અન્ય અવરોધો વચ્ચે પણ રથયાત્રા સરળતાથી આગળ વધી શકશે.આ અત્યાધુનિક રથના નિર્માણ પાછળ અંદાજે 12 લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. મુંબઈના એન્જિનિયરો અને લગભગ 25 કુશળ કારીગરોએ સતત 15 દિવસની મહેનત બાદ તેને તૈયાર કર્યો છે. ભારે વજન હોવા છતાં

...અનુસંધાન પાના 5 પર


**શ્રી સુરતી મોઢ વણિક અવસાન / ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ**



સ્વ.ભાનુબેન હસમુખલાલ કલકત્તાવાલા
સ્વ. તા. ૦૫/૦૭/૨૦૨૬

દિલગીરી સાથે જણાવવાનું કે અમારા માતૃશ્રી ગં.સ્વ. ભાનુબેન હસમુખલાલ કલકત્તાવાલાનું આજરોજ તારીખ ૦૫/૦૭/૨૦૨૬ રવિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્‌ગતની સ્મશાન યાત્રા તા. ૦૬/૦૭/૨૦૨૬ને સોમવારના રોજ સવારે ૯.૦૦ કલાકે અમારા નિવાસસ્થાનેથી નીકળી કુરુક્ષેત્ર જહાંગીરપુરા મુકામે જશે.

પાથરણું: સદ્‌ગતનું પાથરણું તારીખ ૦૭/૦૭/૨૦૨૬ને મંગળવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ કલાક દરમિયાન જયબાળા પ્રવીણચંદ્ર ખાટીવાળા મોઢ વણિક ભવન, બીજા માળે (પાલવાડી) સૂર્યમ્ રેસીડેન્સીની સામે, અડાજણ પાલ ખાતે રાખવામાં આવ્યું છે.

શોકાતુર
સ્વ. હસમુખલાલ છોટાલાલ કલકત્તાવાલા
હરેશ હસમુખલાલ કલકત્તાવાલા (પુત્ર) | નિકિતા હરેશભાઇ કલકત્તાવાલા (પુત્રવધુ)
નિલેશ હસમુખલાલ કલકત્તાવાલા (પુત્ર) | ગીતા નિલેશ કલકત્તાવાલા (પુત્રવધુ)
યોગેન્દ્ર ચંદ્રકાંતભાઇ ગોળવાળા (જમાઇ) | પારુલ યોગેન્દ્રભાઇ ગોળવાળા (પુત્રી)
પાર્થ, નિત્ય, પિયુષ, મિત્તલ

નિવાસસ્થાનઃ ૩૬, શુકનવિલા, મધુવન બંગ્લોઝની બાજુમાં, માસમા ઓલપાડ, સુરત
M. ૮૪૬૯૫૮૪૦૭૨, ૭૦૪૩૬૦૨૧૧૧, ૯૯૬૭૬૬૦૩૮૬

**દુઃખદ અવસાન - બેસણું**



સ્વ. વિપુલ રસિકચંદ્ર હાંસોટી
(સહાયક ટ્રસ્ટી - શ્રી કે. પી. સંઘવી હોસ્પિટલ)
સ્વ. તા. ૦૪/૦૭/૨૦૨૬

દિલગીરી સાથે જણાવવાનું કે અમારા સ્વજન શ્રી વિપુલ રસિકચંદ્ર હાંસોટી તા. ૦૪/૦૭/૨૦૨૬ ને શનિવારનાં રોજ શ્રી સત્ય સાઈ ચરણ પામ્યા છે. પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના. સદ્‌ગતની સ્મશાન યાત્રા તા. ૦૭/૦૭/૨૦૨૬ને મંગળવારના રોજ સવારે ૮:૦૦ કલાકે અમારા નિવાસસ્થાન ૮૦૭, રીવરવ્યુ એપાર્ટમેન્ટ, અંબિકાનિકેતન મંદિર પાસે, બદરીમહલ એપાર્ટમેન્ટની બાજુમાં, અઠવાલાઈન્સ, સુરત ખાતેથી નીકળી રામનાથ ઘેલા સ્મશાનભૂમિ, ઉમરા, સુરત મુકામે જશે.

સદ્‌ગતનું બેસણું તા. ૦૯/૦૭/૨૦૨૬ને ગુરૂવારના રોજ સાંજે ૫ થી ૭ કલાક દરમ્યાન લાયન્સ કોમ્યુનિટી હોલ, લાલજીનગર, અડાજણ, સુરત ખાતે રાખેલ છે.

: લિ. શોકાતુર :
શ્રી રસિકચંદ્ર ધીરજલાલ હાંસોટી (પિતાશ્રી) - સ્વ. પ્રમીલા રસિકચંદ્ર હાંસોટી (માતુશ્રી)
અમિતા વિપુલ હાંસોટી (પત્ની)
શ્રી કૃપેશ રસિકચંદ્ર હાંસોટી (ભાઈ) - વંદના કૃપેશ હાંસોટી
શ્રી દિગંત રસિકચંદ્ર હાંસોટી (ભાઈ) - કલ્પના દિગંત હાંસોટી
શ્રી શ્યામ વિપુલ હાંસોટી (પુત્ર) - રિધ્ધી શ્યામ હાંસોટી
શ્રી કરણ પરીખ (જમાઈ) - તુલસી કરણ પરીખ (પુત્રી)
ચિ. અથર્વ (પૌત્ર)